# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18  -03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day  : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day  : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યના ખેડૂતો માટે ચણા અને રાઈની ટેકાના ભાવે 23 માર્ચથી ખરીદી કરાશે.

2) ગુજરાત વિધાનસભાને બોંબથી ઉડાવી દેવાની ધમકી અફવા સાબિત થઇ

3) **રાજ્યના તમામ 182 વિધાનસભા વિસ્તાર માટે એક એસટી બસને લીલી ઝંડી આપીને મુખ્યમંત્રીએ પ્રસ્થાન કરાવ્યું.**

4) **ત્રીજુ જહાજ જગ લાડકી આજે ૮૦ હજાર ૮૦૦ મેટ્રિક ટન ક્રૂડ ઓઇલ લઈને કચ્છના મુન્દ્રા બંદરે પહોંચ્યું, ઇંધણની ચિંતામાંથી રાહત.**

5) **સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને તુરંત હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરીને 'ગોલ્ડન અવર્સ' દરમિયાન સાયબર સેલ સુધી પહોંચવાની અપીલ.**

6) **ગુજરાત એટીએસે ઉત્તરપ્રદેશમાં ઓપરેશન હાથ ધરીને ડ્રગ્સની ફેક્ટરી ઝડપી બેની ધરપકડ.**

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET

રાજ્યના ખેડૂત માટે ચણા અને રાઈ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.ચણાના ટેકાના ભાવમાં વધારો કરવામાં આવ્યો હોવાનું મંત્રીમંડળની આજની બેઠકમાં થયેલી ચર્ચાની માહિતી પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આપી હતી.

(બાઇટ- જીતુ વાઘાણી ટેકનો ભાવ)

તેમણએ વધુ વિગતો આપતા કહ્યં હતું કે કેટલાક મહત્વના પ્રોજેક્ટની  સમીક્ષા કરવામાં આવી હતી.ધોલેરા ખાતે કેન્દ્ર સરકારના સંપર્કમાં રહી સરખેજ થી ધોલેરા અને ધોલેરા થી ભાવનગર સુધીનો રેલવેનો સર્વે થઈ રહ્યો છે જેથી મેટ્રોથી રેલવે સ્ટેશનની કનેક્ટીવીટી વધી શકે.

(બાઇટ- જીતુ વાઘાણી રેલવે )

તેમણે કહ્યું હતું કે વિધાનસભમાં **UCC** ની તમામ ચર્ચાઓ બિલ રજૂ થશે ત્યારે કરવામાં આવશે . મિલેટ મહોત્સવ **21** અને **22** માર્ચ ના રોજ **16** મહાનગર પાલિકા માં યોજાશે અમદાવાદમાં આ મહોત્સવ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે.

# GANDHINGAR VIDHANSABHA BOMB THREAT

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભામાં બોંબ વિસ્ફોટની ધમકી ‘અફવા’ સાબિત થઇ હતી.ગાંધીનગર વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા ઈમેલ બાદ આજે સવારે વિધાનસભાને ખાલી કરી દેવામાં આવી હતી.તાત્કાલિક પોલીસ ,બોંબ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ફાયરબ્રિગેડી ટીમો વિધાનસભામાં ધસી ગઇ હતી અને તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.સઘન તપાસ બાદ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન હોવાની રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવે કહ્યું હતું.

બોંબની ધમકીના મામલે ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે તાત્કાલિક બેઠક કરીને સ્થિતીનો તાગ મેળવ્યો હતો.આ બેઠક બાદ, શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે આવા તત્વો સામે કડક હાથે કામગીરી થશે.

બાઇટ- હર્ષ સંઘવી

# CM-182 -BUS

રાજ્યના તમામ 182 વિધાનસભા વિસ્તાર માટે કુલ 182 નવીન બસોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા વાહન વ્યવહાર રાજ્ય મંત્રી પ્રવીણ માળીએ લીલી ઝંડી આપીને ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવ્યું .મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીએ આ નવીન બસોના ડ્રાઈવરોને પ્રતિકરૂપે ચાવી અર્પણ કરી હતી.

ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસોના કાફલાથી ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરે છે અને ૨૭ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી પહોંચવા સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પુરી પાડે છે

# CM-START UP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાસનમાં પારદર્શિતા અને નાગરિકોની સુખાકારી માટે AI ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.ગુજરાતને યુવા સ્ટાર્ટઅપ્સના અસરકારક સમાધાનથી વધુ સક્ષમ કરીને AI અને ઉભરતી ટેક્નોલોજી માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાની દિશામાં સ્ટાર્ટઅપ સંવાદનું ગાંધીનગરમાં આયોજન કરાયું હતું.

મુખ્યમંત્રીએ આ સ્ટાર્ટઅપ સંવાદમાં વિવિધ રાજ્યોના 24 જેટલા ઉચ્ચ સંભવિત સ્ટાર્ટઅપ્સસ સાથે પ્રત્યક્ષસંવાદ-કરીને તેમના અનુભવો અને નવીનતા વિશે માહિતી મેળવી હતી.મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાયેલા આ AI સંવાદ દરમિયાન સાયન્સ ટેક્નોલોજી વિભાગ અને સર્વમ AI તથા MIKO સ્ટાર્ટઅપ સાથે કરાર કરવામાં આવ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KUTCH - SHIP JAG LADKI

ખાડી દેશોના યુદ્ધ વચ્ચે ૮૦ હજાર ૮૦૦ મેટ્રિક ટન ક્રૂડ ઓઇલ લઈને ભારતીય જહાજ ' જગ લાડકી ' આજે સવારે કચ્છના મુન્દ્રા બંદરે પહોંચ્યું હતું.આ સાથે જ એલપીજી સાથેના શિવાલિકા અને નંદાદેવી બાદ ત્રીજું ઈંધણ સાથેનું ટેન્કર જહાજ સુરક્ષિત ભારત પહોંચ્યું છે.

ઉલ્લેખનીય છે કે, શનિવારે ફુજૈરાહ બંદરના તેલ ટર્મિનલ પર આ જહાજમાં ઓઇલ લોડિંગ થઈ રહ્યું ત્યારે જ હુમલો થયો હતો.જોકે, હુમલો થયાના એક દિવસ પછી, રવિવારે સવારે જહાજ યુએઈથી રવાના થયું હતું.

# Digital Inclusion's Story PIB

ગાંધીનગર સાઇબર સેન્ટર ઓફ એકસેલન્સના પોલીસ અધિક્ષક ડૉ. રાજદીપસિંહ ઝાલાએ સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને તુરંત ૧૯૩૦ (ઓગણીસ-ત્રીસ) નંબર પર સંપર્ક કરીને 'ગોલ્ડન અવર્સ' દરમિયાન સાયબર સેલ સુધી પહોંચવાની અપીલ કરી છે.

અમદાવાદમાં પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો પીઆઈબી દ્વારા 'ડિજિટલ ઇન્ક્લુઝન' વિષય પર આયોજિત 'વાર્તા' મીડિયા વર્કશોપને સંબોધતા તેમણે કહ્યું હતું, વહેલી તકે જાણ થતાં નાણાકીય છેતરપિંડી સરળતાથી અટકાવી શકાય છે.

ડૉ. ઝાલાએ કહ્યું હતું કે નાણાકીય છેતરપિંડીના કિસ્સાઓમાં ગુનેગારો દ્વારા ખાસ કરીને સિમ કાર્ડ અને મ્યુલ એકાઉન્ટ્સનો લક્ષ્ય તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તેમણે ઇન્ટરનેટ આધારિત સેવાઓનો ઉપયોગ કરતી વખતે જનતાને વધુ સતર્ક અને જાગૃત રહેવા તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

આ કાર્યશાળામાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. પરાગ રુધાણી અને ડૉ. નિલય મિસ્ત્રીએ મીડિયાકર્મીઓને સાયબર સુરક્ષાના વિવિધ પાસાઓથી માહિતગાર કર્યા હતા.

# ATS DRUGS

ગુજરાત ATS એ ઉત્તર પ્રદેશના આંબેડકરનગરમાંથી બાતમીના આધારે ડ્રગ્સની ફેક્ટરી ઝડપીને બે આરોપીઓને પકડ્યા છે.પકડાયેલા આ આરોપી પાસેથી 6 કિલો તૈયાર મેફેડ્રોન (MD), 50 કિલો લિક્વિડ, 88 કિલો અન્ય જથ્થો અને 200 કિલો ડ્રગ્સ બનાવવાનું રો-મટીરીયલ અને કેમિકલ મળી આવ્યું હતું.ATSએ ઉત્તર પ્રદેશથી કપિલ દેવ શર્મા અને રામશંકર ઉર્ફે પંકજ પરશુરામની ધરપકડ કરી હોવાનું એટીએસના ડીઆઇજી સુનિલ જોષીએ કહ્યું હતું.

(બાઇટ- સુનિલ જોષી, ડીઆઈજી)

અગાઉ અમદાવાદના દાણી લિમડા વિસ્તારમાંથી ડ્રગ્સ સાથે ઝડપાયેલી આરોપીની પૂછપરછ બાદ એટીએસે ઉત્તર પ્રદેશમાં ઓપરેશન કરીને આ ફેક્ટરી ઝડપી હતી.

# RAJKOT-SOG ARREST

રાજકોટ ગ્રામ્ય SOG એ લોધિકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નકલી જંતુનાશક દવાઓ બનાવતી ત્રણ ફેક્ટરીઓ પર દરોડા 25 લાખથી વધુના મુદ્દામાલ સાથે 4 વ્યક્તિઓની ધરપકડ કરી છે. SOG એ ખેડૂતો સાથે છેતરપિંડી કરતા મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

બાઈટ – વિજયસિંહ ગુર્જર , ગ્રામ્ય એસપી રાજકોટ

# AHMEDABAD-FIRE

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલા રેવડી બજારમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની નવ ગાડીઓ દ્વારા ઘટનાસ્થળ ઉપર પહોંચી આગને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધરાયા હતા.દૂર સુધી દેખાતા ધુમાડાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

જોકે આગને કાબૂ લેવામાં આવી છે અને ઠારવાની પ્રકિયા ચાલુ છે.અત્રે ઉલ્લેખનીય છે કે રેવડી બજારમાં 50થી વધારે દુકાનો આવેલી છે.આગ લાગવાનું કારણ હજુ અકબંધ છે.

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આવતીકાલ થી 20 માર્ચ સુધી રાજ્ય માં કેટલાક સ્થળે   ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદની શકયતા છે આ અંગે હવામાન વિભાગ ના નિયામક વધુ માહિતી આપી રહ્યા છે

(બાઇટ – એકે દાસ – હવામાન વિભાગના વડા )

# VALSAD POSHAN

વલસાડ આઈ.સી.ડી.એસ. શાખાના સઘન પ્રયાસથી એક વર્ષમાં જિલ્લાના ૩૦,૨૯૪ બાળકો કુપોષણ મુક્ત થયા છે. છેવાડાના માણસ સુધી રાજ્ય સરકારની સેવાઓ પહોંચે તેવી નિર્ધાર સાથે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.) વિભાગ દ્વારા બાળકોમાં કુપોષણ નાબૂદ કરવા માટે હાથ ધરાયેલા ‘‘પોષણ સંગમ કાર્યક્રમ’’ના જિલ્લામાં સકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે. જિલ્લાના સંપૂર્ણ આદિવાસી એવા ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકામાં અનેક બાળકોને કુપોષણની જાળમાંથી બહાર લાવી તંદુરસ્ત બનાવવામાં આવ્યા છે.

# EVE WEATHER FORECAST

**રાજ્યના**

# EVE WEATHER FORECAST

**રાજ્યના**